# દુનિયામાં સુપર પાવર્સનો જમાનો ઓસરી ગયો

**સારાંશ**

★ વિન્સી મરચન્ટ

માત્ર આઠ-દસ દિવસમાં સમગ્ર યુક્રેન જીતી લેવાનો ઈરાદો જાહેર કરીને રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને 2022માં યુક્રેન પર આક્રમણ કર્યું. યુદ્ધ હજુ ચાલુ છે. રશિયાએ અમુક વિસ્તારો પર કબજો મેળવ્યો છે, પરંતુ તેની સામે આ છેલ્લાં લગભગ સાડા ચાર વર્ષમાં જન-માલની અસહ્ય અને અસાધારણ, રશિયા માટે અભૂતપૂર્વ, ખુવારી વેઠવી પડી છે. એ સાથે સુપર પાવરની બાંધેલી મુઠ્ઠી ખુલી ગઈ છે. રશિયા કોઈ સુપર પાવર નથી. છેલ્લાં દોઢેક વરસથી અમેરિકા ઈરાન સામે આડું આવીને પડ્યું છે. સાથે શક્તિશાળી ઈઝરાયલ પણ છે. ઈરાન સામેનો અમેરિકાનો પેચ એવો ફસાઈ ગયો છે કે પ્રમુખ ટ્રમ્પ વારંવાર ધમકીઓ આપે છે. ક્યારેક ઈરાન પર હુમલો કરી આપે છે, ધમકીને રદબાતલ કરે છે અથવા મોકૂફ રાખે છે અને ફરી ચાલું કરે છે. પ્રમુખ ધારે એવો કોઈ નિવેડો આવતો નથી. ઈરાન સામેના યુદ્ધમાં પ્રમુખ ટ્રમ્પને ઘરઆંગણે આસમાને ગયેલી ગેસ-પેટ્રોલિયમની કિંમતો સિવાય કોઈ ફાયદો થયો નથી. અબજો ડૉલરની હોળી થઈ ગઈ છે. દુનિયાને એક ફાયદો થયો છે. હવે સમજાયું કે અમેરિકા પણ સુપર પાવર નથી. બાંધેલી મુઠ્ઠી ખુલી ગઈ છે. પ્રમુખ ટ્રમ્પે તેમની પહેલી ટર્મ દરમિયાન ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ જોંગ ઉન સાથે નખ ભેરવ્યા હતા, પરંતુ કિમે મચક ન આપી તેથી તખ્તો સમેટી લેવો પડ્યો હતો. યુક્રેન સામેનું યુદ્ધ શરૂ થવાની આગળપાછળ પ્રમુખ બાઈડને પણ રશિયાને ખૂબ ખરાબ ધમકીઓ આપી હતી, પરંતુ તેની રશિયા પર કોઈ અસર પડી ન હતી. એ રીતે એક સુપર પાવર બીજા સુપર પાવરને જીતવાની વાત બાજુએ રહી, તેને ડરાવી પણ શકતું નથી. આ સ્થિતિ ગઈ સદીના મધ્યકાળમાંથી શરૂ થઈ હતી. ક્યુબા અને વિયેટનામમાં સોવિયેત સંઘે અમેરિકાની મરજી ચાલવા દીધી ન હતી.

પરંતુ સુપર પાવરોના પ્રમાણમાં જે ઘટાડો થયો છે એવો અગાઉ થયો ન હતો. એ સમયમાં અમેરિકા અને સોવિયેત સંઘ પરસ્પરથી ડરતા હતા અને છેક 1990 સુધી બંને તાકાતો વચ્ચે ઠંડું યુદ્ધ ચાલતું રહ્યું. બંને એકમેકથી ડરતા હતા તેથી 1990ની આસપાસ શાંતિ કરારો થયા. બંને પક્ષો શસ્ત્રોનો જથ્થો ઘટાડવા સંમત થયા. સોવિયેત સંઘ વિખેરાઈ ગયો અને તેની તાકાત ઘટી ગઈ. શીત યુદ્ધનો અંત આવ્યો. હવે અમેરિકાને દુનિયામાં મોકળું મેદાન મળી ગયું હતું, પણ રશિયા ભાંગ્યું ભાંગ્યું પણ ભરુચ હતું. તે ઘણો સમય શાંત રહ્યું, પણ પુતિન પ્રમુખ બન્યા ત્યારે રશિયાનું જૂનું સ્ટેટસ પાછું લાવવાની મહેચ્છા સાથે આવ્યા હતા. 1990 બાદ અમેરિકાને ઈસ્લામિક આતંકવાદ મોટા પાયે નડવા લાગ્યો. નેવુંના દાયકાના પ્રારંભમાં પ્રથમ કુવૈતની બાબતે ઈરાકના સદ્દામ હુસૈન સાથે યુદ્ધ આદર્યું અને અમેરિકા તેમાં સફળ રહ્યું. વળી પાછું અણુશસ્ત્ર વિકસાવવાના મુદ્દે ઈરાક સામે યુદ્ધ. વર્લ્ડ ટ્રેડ સેન્ટર પરનાં આત્મઘાતી હુમલાઓ બાદ અફઘાનિસ્તાન સાથે યુદ્ધ, ત્યારબાદ સિરિયા અને ઈરાકમાં આઈસિસના સરદાર અબુ બકર અલ બગદાદી સામેનું યુદ્ધ, આમ અમેરિકા નવી એકવીસમી સદીમાં મુસ્લિમ જેહાદીઓ સામે લડતું રહ્યું. બિન લાદેન, બગદાદી અને બીજા ઘણાં મોટાં મુસ્લિમ મસ્તકોને સફળતાપૂર્વક ઠાર કરી નાખ્યાં. છેલ્લે અફઘાનિસ્તાનમાંથી સ્વયં અમેરિકા ખસી ગયું તે સિવાય અમેરિકા લગભગ બધે સફળ રહ્યું અને તેથી દુનિયાના સુપર પાવર તરીકેની છાપ યથાવત રહેવાની સાથે મજબૂત પણ બની. પરંતુ પ્રમુખ ટ્રમ્પે બીજી વખત ચૂંટાઈને દુશ્મનો અને મિત્રો સાથે સરખી માત્રામાં માથાં ભેરવ્યાં ત્યારબાદ દુનિયાનો એક મોટો હિસ્સો નારાજ થઈ ગયો. મિત્ર દેશોનો મોભાભંગ થયો. સાથે સાથે ચીનના રૂપમાં વધુ એક મહાસત્તા ઊભરી છે. દુનિયામાં જેટલી વધુ સંખ્યામાં મહાસત્તાઓ આકાર લેશે તેમ તેમ તેમનો દબદબો જતો રહેશે. બાકીના દેશોને જેમાં કોઈ એક છાવણી પસંદ કરવાની ફરજ પડશે નહીં. અગાઉ, ખાસ કરીને મનમોહન સિંહનું રાજ ચાલ્યું ત્યાં સુધી ભારતને રશિયા પર વધુ આશ્રય રાખવો પડતો હતો. મુક્ત અર્થતંત્રના આગ્રહી મનમોહન જ્યારે અમેરિકા તરફ ઢળ્યા ત્યારે ડાબેરીઓ અને ડાબેરી કોંગ્રેસીઓને તે પસંદ પડ્યું નથી. મોદી સરકારે ભારતના હિતોને સર્વોચ્ચ ગણી અમેરિકા અને રશિયા સાથે જરૂરિયાત મુજબ સંબંધો વધાર્યા, ઘટાડ્યા છે. અમેરિકાની શેહમાં આવીને, ધમકીઓ છતાં રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કર્યું નથી. છેવટે સ્થિતિ એવી આવે કે અમેરિકાના વિદેશમંત્રી માર્કો રુબિયોએ અમેરિકાના વાહન-ઉદ્યોગો માટેના તેલની વ્યવસ્થા કરવા ભારત આવવું પડ્યું. ભારત હવે પોતાની રીતે નિર્ણયો લે છે. તે કોઈ છાવણી કેધરીમાં નથી. તેનો અર્થ એવો પણ નથી કે મહાસત્તાઓનો દુનિયા પર સાવ પ્રભાવ નથી. ગરીબ, નાનાં રાષ્ટ્રોને તેઓ હજી દબાવે છે. ઈમરાન ખાન વડા પ્રધાન હતા ત્યારે અમેરિકાની વિરુદ્ધ જઈ રશિયા પાસેથી તેલ ખરીદવા માગતા હતા. બીજી ઘણી બાબતોમાં સ્વાયત્ત બનવા માગતા હતા. ચાવીવાળા રમકડા મુનીરે એમને જેલમાં મોકલી આપ્યા અને સત્તા સંભાળી લીધી.

મહાસત્તાઓની તાકાત એમ અચાનક બંધ પડી જવાની નથી. સત્તાની અગનજ્વાળા બુઝાતાં સમય લાગશે, પણ શરૂઆત થઈ ચૂકી છે. ગયા જાન્યુઆરીમાં દાવોસ ખાતેની પરિષદમાં કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નીએ વર્તમાન જગતમાં સત્તાની સમતુલાઓ અને ધરીઓમાં ફેરફારો થઈ રહ્યા છે તે બાબતની ચર્ચા છેડી હતી.

એમણે કહ્યું કે અત્યાર સુધી જે ગ્લોબલ ઓર્ડર અથવા સમતુલા ચાલી આવે છે તેમાં ભંગાણ પડવા જઈ રહ્યું છે, તેવી આગાહી કાર્નીએ વ્યક્ત કરી હતી. એમણે કહ્યું હતું કે હવે નવી વિશ્વસત્તા વ્યવસ્થામાં મહાસત્તાઓ બીજા મધ્યમ સત્તાના દેશો પર આર્થિક જોહુકમી લાદી નહીં શકે, બીજા રાષ્ટ્રો પર રાજકીય દબાણ લાદી નહીં શકે.



**પ્રમુખ ટ્રમ્પે તેમની પહેલી ટર્મ દરમિયાન ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ જોંગ ઉન સાથે નખ ભેરવ્યા હતા, પરંતુ કિમે મચક ન આપી તેથી તખ્તો સમેટી લેવો પડ્યો હતો**

મધ્યમ કદની સત્તાઓ, જેમાં કેનેડા, ભારત, ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ, જર્મની, યુકે અને બીજા રાષ્ટ્રોને સમાવી શકાય, તેઓ સાથે સહકાર સાધ્યા વગર સુપરપાવર્સ સુપરપાવર્સ રહેશે નહીં.

માર્ક કાર્નીએ અમેરિકાનું નામ લીધા વગર આ શબ્દો કહ્યા હતા, પરંતુ પ્રમુખ ટ્રમ્પને ખ્યાલ આવી ગયો કે કાર્નીએ આ શબ્દો મને (ટ્રમ્પને) કહી સંભળાવ્યા છે.

સુપરપાવર્સ સિવાયની બાકીની ઘણી મોટી દુનિયા મિડલ પાવર્સની છે. પરંતુ એ મિડલ પાવર્સને ઓળખવા કઈ રીતે? સુપરપાવર્સ દેશો એવા હતા કે પૃથ્વીના તખ્તા પર બીજા કોઈ રાષ્ટ્રો કરતાં આ સુપરપાવરો વધુ સત્તા ચલાવતા હતા. બીજા વિશ્વયુદ્ધ બાદ સુપરપાવરમાં ત્યારના બ્રિટિશ સામ્રાજ્યનો અમુક વર્ષો સુધી સમાવેશ થતો હતો. બીજા વિશ્વયુદ્ધ અગાઉ જપાન અને જર્મની પણ મોટી સત્તાઓ અને સૈન્યશક્તિ ધરાવતા દેશો ગણાતા હતા. પચાસના અને સાઠના દાયકામાં રશિયા અને યુએસ પોતાની વિશાળ અણુશસ્ત્ર તાકાતને કારણે મહાસત્તાઓ ગણાતાં હતાં, પરંતુ ત્યારબાદ અને તે સમય દરમિયાન બીજા ઘણા દેશોએ અણુશસ્ત્રો વિકસાવ્યાં.

શીતયુદ્ધના અંત બાદ દુનિયામાં સુપરપાવર તરીકે અમેરિકાનો ડંકો વાગતો થયો. આ ધરીમાં માત્ર અમેરિકા જ હતું, તેથી આ સ્થિતિને ‘યુનિપોલર ઈરા’ તરીકે પણ ઓળખવામાં આવે છે. 1997થી 2002 સુધી ફ્રાન્સના વિદેશમંત્રી રહેલા હ્યુબર્ટ વેદ્રીને તે માટે નવો શબ્દ આપ્યો; ‘હાઈપરપુઈસન્સ’, જેનો અંગ્રેજી અર્થ ‘હાઈપરપાવર’ થાય છે. તેનો વિસ્તૃત અર્થ એક એવા રાષ્ટ્ર તરીકે થાય છે, જેની સમાંતર બીજી કોઈ સત્તા નથી. માત્ર પોતે જ એક સત્તા છે. સાથે સાથે દુનિયાના બીજા દેશોની સૈન્ય, આર્થિક, સામરિક, ટેકનોલોજિકલ, ડિપ્લોમેટિક અને સાંસ્કૃતિક બાબતો પર એ દેશની આણ પ્રવર્તતી હોય છે. આ શબ્દપ્રયોગ અમેરિકા માટે કરાતો હતો.

આજે એ સ્થિતિ રહી નથી. અમેરિકા અને રશિયા પોતપોતાની સૈન્યશક્તિ બાબતે ગગનભેદી ગર્જનાઓ કરતાં રહે છે, પણ કોઈ ડરતું નથી. સામે ઉત્તર કોરિયા કે ઈરાન પણ એવી જ ગર્જનાઓ કરે છે. ઠાવકું ચીન શાંત રહીને મભમ ધમકી આપે છે. ભારત, બ્રાઝિલ, ઈરાન અને કેનેડા જેવા દેશો પણ પોતાની મિડલ પાવરને ઓળખે-સમજે છે. માત્ર શસ્ત્રોથી જ પાવર પેદા થતો નથી.

અમેરિકાએ વિકાસ સાધવો હશે તો ભારત જેવા દેશના વિશાળ માર્કેટની જરૂર પડે છે. તો પણ જો આ દેશો પોતાની રીતે શાંતિથી રહેવા માગતા હોય તો પોતાની સૈન્યતાકાતનો ઉપયોગ કોઈ બીજી સત્તાની આણમાં આવ્યા વગર કરી શકે છે. છતાં વધુ આધાર તો આ દેશોએ પોતાના સોફ્ટ પાવર અર્થાત્ મુલાયમ શક્તિ પર રાખવાનો હોય છે અને તેની આજે દુનિયાને ખૂબ જરૂર છે. વૈશ્વિકીકરણ અને સોશિયલ મીડિયાના યુગમાં સમજાવટથી જેટલું મેળવી શકાય, એટલું ધોલધપાટથી નહીં મળે. સુપરપાવર એ જોહુકમીનો પર્યાય છે, જ્યારે સોફ્ટ પાવર એ સમજાવટ અને વગનો પર્યાય છે. અમેરિકન રાજકીય વિજ્ઞાની સ્વર્ગસ્થ જોસેફ નાઈએ આ સોફ્ટ પાવર શબ્દ પ્રચલિત કર્યો હતો અને તેની હિમાયત કરી હતી. સાંસ્કૃતિક લેવડદેવડ, આર્થિક સંબંધો, ડિપ્લોમસી, ગુડવિલ અર્થાત્ શાખ અને આબરૂ સોફ્ટ પાવરનું સર્જન કરે છે. જે કામ, જે સિદ્ધિ સોફ્ટ પાવરથી મળી શકતી હોય, તો આ દારૂગોળા પાછળ અબજોનું આંધણ કરીને હાર્ડ પાવર શા માટે અજમાવવો? ઘણી વખત તેમાં પાયમાલી સિવાય કશું મળતું નથી.